વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૨ : અંક - ૧૩-૧૪ ❋ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ❋ તંત્રી : નમ્રતા બાલી ❋ પ્રકાશન : જૂન ૨૨, જુલાઈ ૬, ૨૦૨૪

# ઘરખાતા કામદારોનું રાષ્ટ્રીય અધિવેશન



તાજેતરમાં ઘરખાતા કામદારોનું રાષ્ટ્રીય અધિવેશન ટાગોર હોલ, અમદાવાદ ખાતે યોજાઈ ગયું. 'સેવા'ના ૧૮ રાજ્યોના ઘરખાતા સેંકડો કામદારોના પ્રતિનિધિઓએ આમાં ભાગ લીધો. હોલની બહાર પરસાળમાં બીડી, પતંગ, કાચની ચૂડીઓ, નંગ લગાવનાર, ફૂલની માળા બનાવનાર, સિલાઈ કામદાર,પાપડ વણનાર, ધાગા કટિંગનાં આગેવાનો પોત-પોતાનું કામ દર્શાવતા બેઠા હતાં. રાજ્યોના પ્રતિનિધિઓ દરેક બહેનો પાસે જઈને એકબીજાનું કામ સમજતાં હતાં. કામદારો એકબીજા પાસે બજેટ, ભાવ, કૌશલ્ય, કળા, ગોઠવણી, વણાટ શિખતા હતા.



**અધિવેશનમાં ભાગીદાર ૧૮ રાજ્યોના પ્રતિનિધિઓ**

એક સમગ્રતાનો અહેસાસ થતો હતો. બરાબર એક ના ટકોરે દિપ પ્રગટાવીને અધિવેશન શરુ થયું અને માઈક પરથી સંભળાયું કે, 'આજ કા દિન હમારા હૈ'. આખા હોલમાં 'આજ કા દિન હમારા હૈ' ના પડઘા પડ્યા. ઘરખાતા કામદારો માટે ઘર જ કામની જગ્યા. પીસરેટથી કામ કરે. નાનકડા ૧૦' × ૧૦' નું ઘર જ તેમની દુનિયા. કામ એ આરામ. આરામ એ કામ. કામ. કામ. કામ !

અધિવેશનમાં એશિયા પેસિફિકના આંતરરાષ્ટ્રીય ટ્રેડ યુનિયન કો-ફેડરેશનના ફાહિમભાઈ, ઈન્ડસ્ટ્રીઓલના આશુતોષભાઈ, આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા દિલ્હી ઓફિસથી મિચીકોબેન (ડાયરેક્ટર), હોમનેટ ઈન્ટરનેશનલના સંચાલક જહાનવીબેન તેમજ ગુજરાત રાજ્યના એડીશનલ લેબર કમિશનર શ્રુતિબેન આ અધિવેશનમાં હાજર રહ્યાં હતાં. ભારતના વિવિધ રાજ્યોના પ્રતિનિધિ હાજર હતા.

સર્વધર્મ પ્રાર્થના થઈ અને 'સેવા'નું 'સ્વરાજ દર્શન' વંચાયું, જે ધ્યાનપૂર્વક પ્રતિનિધિઓએ સાંભળ્યું. સ્વાશ્રયી બનીએ અને રહીએ.

'સેવા'ના પ્રધાનમંત્રી જ્યોતિબેને કાર્યક્રમની શરુઆત કરતાં તમામ મહેમાનોનું અને પ્રતિનિધિઓનું કામદાર ચળવળના કેન્દ્રસમા

અમદાવાદમાં સ્વાગત કર્યું. ઘરખાતા કામદારોનો ઈતિહાસ યાદ કરતાં કહ્યું કે, ઘરખાતા કામદારોના સંગઠનની શરુઆત પાટણ શહેરના બીડી કામદારોથી ૧૯૮૪માં 'સેવા'એ કરેલી. આ કામદારોએ પોતાના માટે વેતન વધારાની માંગણી કરતાં માલિકે કામથી બંધ કર્યા અને શ્રમ વિભાગમાં ફરિયાદ નોંધાવવા જતાં આ બીડી કામદારોને કહ્યું કે, તમે તો ઘરમાં બેસીને તમારા સમય વિતાવવા બીડી બનાવવો છો તમે ક્યાંથી કામદાર કહેવાઓ ? ત્યારે ઈલાબેને આ કામદારોને 'કામદાર' તરીકેની ઓળખ/દ્રશ્યતા મળે તે માટે 'ઘરખાતા કામદાર' નામ આપ્યું. જે નામે આજે દેશભર અને સમગ્ર વિશ્વના ઘરખાતા કામદારો તરીકે ઓળખાય છે. ઘરખાતા કામદારોની ઝુંબેશને આપણે સહુ ખૂબ આગળ લઈ જઈશું.

ધન્યવાદ,

ત્યારબાદ, મનાલીબેને ઈલાબેનના કથનથી શરુઆત કરી કે, હવે સમય આવી ગયો છે કે, કામ કોને કહીશું ?

દુનિયામાં કામનો પ્રકાર બદલાઈ રહ્યો છે. આપણા દેશના ૯૩% કામદારોમાંથી ઓછામાં ઓછા ત્રણ કરોડ ઘરખાતા બહેનો કામદારો છે. તેમની દ્રશ્યતા નથી. નથી નીતિ કે નથી બજેટ કે નથી બજાર.

આજનો દિવસ મહત્વનો છે. 'સેવા'એ ઘરખાતા કામદારો માટે જે કામ કર્યું છે તેનાથી દેશમાં, દુનિયામાં આ કામદારોને ઓળખ મળી છે. કામ મળ્યું છે, આવક મળી છે. આપણે સહુએ ઈલાબેનના સ્વપ્નને થોડુ હાંસલ કર્યું છે. હવે સાથે મળીને આપણી વેલીડીટી વધારવાની છે.

આપણે સહુ નાના નાના ઘરો કે જે ૧૦" × ૧૦"ના છે તે જ આપણું કામનું સ્થળ છે. આપણે આખો દિવસ નંગ લગાવવાનું, સિલાઈ, ધાગાકટીંગ જેવા કામો કરીએ છીએ પણ સતત કામ મળશે ? જે તેની અનિશ્ચિતતા છે. તેથી લાચાર વધારે થઈ જઈએ છીએ. આપણને વેતન ઓછું મળે છે. આપણા મૂળ માલિક કોણ છે તે ખબર હોતી નથી. એક લાંબી કોન્ટ્રાક્ટરોની ચેઈન હોય છે અને દરેક ઠેકેદાર પોતાનો નફો કાપીને આગળ કામ આપે છે. જેનાથી આપણું શોષણ થાય છે.

બીજું કે, સરકાર ઘરખાતા કામદારોના જુદા-જુદા ધંધાઓમાં લઘુત્તમ વેતન નક્કી કરે છે તે તો પીસરેટ નથી હોતું પરંતુ તે દૈનિક વેતન નક્કી કરે છે. આપણને લઘુતમ વેતન પીસ-રેટ પર જોઈએ. વળી, દરેક ધંધા પ્રમાણે રાષ્ટ્રીય લઘુત્તમ વેતન હોવું જોઈએ. કારણ કે, રાજ્ય પ્રમાણે લઘુત્તમ વેતન હોય છે તો માલિક/ઠેકેદાર પર દબાણ આવે તો ધંધો બીજા શહેર/રાજ્યમાં ચાલ્યો જાય છે. જેમ કે બિહારનું કામ બાંગ્લાદેશ જતું રહ્યું ! ઘણીવાર જોખમોથી ભરેલુ કામ આપણે કરતાં હોઈએ છીએ. સામાજિક સુરક્ષા નથી.

જેમ કે, ફિરોઝાબાદમાં કાચની ચુડીઓને આગથી જોડવાનું કામ થાય છે. આંખો, ફેફસાં ખરાબ થાય છે.

માલિક કામદારનો સંબંધ સ્થાપિત કરવો અઘરો હોય છે. જેમ કે, બીડી કામદારોને પ્રોવિડન્ટ ફંડ મળે તે માટેનો કેસ ૧૭ વર્ષ ચાલ્યો અમદાવાદથી, દિલ્હીથી, ગુજરાત હાઈકોર્ટ આખરે ૧૭ વર્ષ પછી માલિક કામદારોનો સંબંધ સ્થાપિત કરી શક્યા.

ઈલાબેન સાંસદ હતા ત્યારે, ઘરખાતા કામદારો માટેનું બીલ તેમણે સંસદમાં રજૂ કરેલું પરંતુ તે પાસ થયું નહીં. ઈલાબેન દૂરંદેશી અને સમય પહેલાનું વિચારતાં. આપણા દેશમાં આ ના થયું તો પકડ્યો આંતરરાષ્ટ્રીય સ્તરનો રસ્તો. આખરે ''આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા''એ ૧૯૯૬માં કન્વેન્શન ૧૭૭ પસાર કર્યું. એક હાશ થઈ. પણ, આ કન્વેન્શન પરથી ઘરખાતા કામદારો માટે રાષ્ટ્રીય નીતિ ભારત સરકાર બનાવશે તો જ આ શ્રમજીવીઓને વેલીડીટી મળશે. ''હમ સબ એક''ના નારાથી આને સર્મથન મળ્યું. ત્યાર બાદ જુદા જુદા રાજ્યોની ઘરખાતા કામદારોએ પોતાની પરિસ્થિતિ વર્ણવી.

બિહારના ભાગલપુર જિલ્લાના કાજલબેન કહે, ''હું પાપડ બનાવવાનું કામ કરું છું. ઘરમાં કામ કરતા જો પાપડ પર પાણી પડે તો પાપડ લાલ થઈ જાય તો તેના પૈસા ના મળે. આવક ન થાય તો કઈ રીતે બાળકોને ભણાવીએ ?''

ફૂડ પ્રોસેસીંગનું કામ કરતાં કાશ્મીરના શમીમાબાનુ કહે, ''મૈને અપને વહાં ૧૨૦૦ બહેનો કો સંગઠિત કીયા ઔર ઉન સબકો ફૂડ પ્રોસેસીગ કી તાલીમ દી હૈ.''

''હું ૧૦૦૦ ઝંડા સીવુ ત્યારે મને રૂ.૨૦ મળે છે. ઝંડા સીવાઇ જાય અને તેને ગોઠવવામાં મારા પતિ અને બાળકો પણ લાગી જાય છે. કઠીનાઇ એવી છે કે, અમે અદ્રશ્ય છીએ. ગરમી પુષ્કળ, લાઈટ હોતી નથી ખર્ચ વધારે થાય છે. આવા પડકારોને વેઠીને પણ

કામ પૂર્ણ કરીએ છીએ. બ્રાન્ડનું કામ ખબર નથી. તેવી રીતે બીંદી ક્યાં બની તે ક્યાંથી ક્યાં ગઈ ૧ ગ્રોસના ૨ થી ૩ રૂ. મળે. શિલ્પા બીંદી ૧૦રૂ.માં મળે. ઈ –શ્રમ પોર્ટલમાં પણ નામ આવે, સ્વાસ્થ્યનું પણ ધ્યાન આપવામાં આવે. કન્વેન્શન ૧૭૭ લાગું કરવું જોઈએ.'' આમ કહેતાં, દિલ્હીના સુધાબેન.

પંજાબના માયાવતીબેન પરાંદા કામદાર છે તેઓ પોતાના કામનો અનુભવ કહેતાં જણાવ્યું કે, ''મને ૧ ડઝન પરાંદા બનાવવાના ૧૦ રૂ. મળે છે, એવા હું રોજના ૩૦ રૂ.નું કામ કરું છું. અમારા ત્યાં આંગણવાડી નથી બાળકોને સાથે રાખીને કામ કરીએ છીએ. પરાંદા બનાવવામાં જે કેમીક્લ વપરાય છે તે શ્વાસ અને આંખોને નુકશાન કરે છે . આવા કેમીકલથી એક બહેન આંધળા થઈ ગયા છે.''

વેસ્ટ બંગાળના મુર્શિદાબાદમાં રહેતા અને બીડી બનાવવાનું કામ કરતાં સુખેદાબેન કહે, ''અમારા રાજ્યમાં પહેલાં ૧૦ લાખ કામદારો હતા. કામદારોને બીડીનું કાર્ડ, મેડીસીન, સ્કોલરશીપ જેવી સવલતો બંધ થઇ ગઇ છે. આવા કામદારોની સામાજિક સુરક્ષા તો ક્યાંય જોવા જ મળતી નથી.''

૧૪ વર્ષથી લખનવી ચીકન કારીગરી કરનાર શબીનાબેન જેઓ, ઉત્તર પ્રદેશના લખનઉ સેવા સાથે ૮ વર્ષથી જોડાયેલા છે તેઓ કહે, ''લખનવી ચીકન કારીગરી હાથથી બને છે તે ઘણું અઘરુ છે. આ નંગ બન્યા પછી ૧૦૦૦ થી ૨૦૦૦માં વેચાય છે અને અમને પૈસા ઓછા મળે છે. એક કુર્તાના અમને ૧૫૦ રૂ. મળે અને સાડીના ૫૦૦ રૂ. મળે. આપેલું કામ જો અઠવાડિયામાં તૈયાર ના થાય તો અમારા પૈસા કપાઈ જાય. ગળાના કોલરની વાત કરીએ તો તેમાં ફ્રેમ લગાવી બુટ્ટા બનાવીને બારીક કામ કરીએ પણ વળતર કાંઈ ખાસ નહિ, અમને માત્ર ૧૦૦ રૂ. મળે, અને એ જ કુર્તિ બજારમાં ચાર ગણા મોંઘા ભાવે વેચાય છે.''

ઓરિસ્સામાં ૫-જિલ્લામાં સેવાના ૭૩૩૦ ઘરખાતા કામદારો છે જેનું સંગઠનનું કામ કરતાં પ્રવાસીનીબેને જણાવ્યું કે, ''અમારે ત્યાં ઘરખાતા કામદારોમાં બે પ્રકારના કામ કરે છે, એક પીસરેટ અને બીજુ ઘરમાં બેસીને. જેમાં, ઠોન્ગા (પેપરબેગ) ૧ કિલોના ભાવ ૧૨ રૂ. મળે. લોકો નવી જગ્યા પર ગયા ત્યાં એજન્ટ ખરીદવા નહી જતા હોવાથી વેચનાર મળતા નથી. માલ ભરાય. ઘર નાનું અને વધુ નાનું પડે. અહીં પેપરનો ભાવ પણ બરાબર મળતો નથી. આથી આવા કામદારો માટે અહી સરકારી સ્તરે નોંધણી અને લઘુત્તમ વેતન બોર્ડ હોવું જોઈએ.''

મારિયા હેલેનાબેન, જીનીવા આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા કામદારોની પ્રવૃતિઓના ડાયરેક્ટરે આ અધિવેશન માટે વિડીયો મેસેજ આપ્યો તે બતાવ્યો જે સૌએ જોયો. મારિયાબેને સેવાની માંગણીઓને સમર્થન આપ્યું અને અને જણાવ્યું કે, ઘરખાતા કામને સમજો અને નીતિના જાણકારોને આ સમજવાની ખૂબ જરૂર છે.

ILO દિલ્હી ઓફિસના ડાયરેક્ટર મીચીકોબેને પોતાની વાત કરતાં જણાવ્યું કે, મને અહીં આવવા બોલાવ્યા માટે આભારી છું. મારી પહેલાં ઘરખાતા કામદાર બહેનોએ વાત કરી કે, તેમના કામની ગણતરી નથી, તેમના માટે કોઈ નીતિ નથી.

ભારતમાં મને આવ્યે ૩-મહિના થયા અને ઘણુંબધું શીખી છું. 'સેવા' તેનું ઉદાહરણ છે. અમદાવાદમાં સેવા શરૂ થઈ અને આજે ૫૨ વર્ષ થયાં તેને ત્રણ સલામ કરું છું :

(૧) મહેનતનું કામ હાંસલ કર્યું છે, તે પહેલી સલામ.

(૨) તમારા સાથે વાત કરી પરસ્પર શીખવા માંગે છે ઘરખાતા કામદાર, તે બીજી સલામ.

(૩) સંગઠનનો સંબંધ વધારે મજબુત કરવો છે તે દરેકનું માનવું છે, તે ત્રીજી સલામ.

ઘણાબધા મુદ્દા સમજ્યા. આઇ. એલ.ઓ.એ વિડીયોની વાત કરી. પુરા વિશ્વની વાત કરીએ તો ૩-મીલીયન મોટો આંકડો છે ઘરખાતા કામદારો માટે. આ કામદારો બહુ જ ખરાબ પરિસ્થિતિમાં છે. ઈલાબેનની વાત ગરીબ છીએ પણ બહુજ છીએ તે આઇ. એલ.ઓ. સમજ્યું અને હજુ સમજવા પ્રયત્ન કરે છે, કરશે.

સંઘર્ષ જારી રાખીશું. અમે એકલા નથી યુનિટી છે, પાવર છે. ઘરખાતા કામદારોના બહેનોના પ્રશ્નો નથી દરેક મહિલાઓનો મુદ્દો છે. તાલીમ મળતી નથી, લઘુત્તમ વેતન મળતું નથી. મહિલાઓની નીતિ શું છે ? તે જોવુ જોઈએ. અદ્રશ્યતાની વાત બહુ છે તે સાંભળી. પણ કરવાનું શું ? એ વાતથી સંમત છે કે જુદા-જુદા આંકલન થાય ત્યારે ઘરખાતા કામદારની ગણતરી થતી નથી અને

પોલીસી નથી. કરવાનું શું તે બાબતે સેવા બહુજ મહત્ત્વનું કામ રહેશે.

કૌશલ્યવિકાસ તાલીમ, માલિક સાથે સંબંધ, ધંધાકિય આરોગ્ય, લઘુત્તમ વેતનની વાત. કોવીડ મહામારી પછી કામના સ્થળે સામાજિક સુરક્ષા બહુ જરૂરી છે. અમારી પાસે હક્ક છે પણ કામના સ્થળે હક્ક અમલમાં આવે તે જરૂરી છે.

આઇ.એલ.ઓ.નું તાલીમ મટીરીયલ્સ છે તેનો ઉપયોગ કરીને આગળ વધીને બહેતરીન કરવું જોઈએ. સેવા પાસે શીખીએ છીએ. આવકમાં વધારો ના થાય તો ઘરની પરિસ્થિતિ ક્યાંથી સુધારી શકાય ? સામાજિક સુરક્ષા જરૂરી છે તે મળવી જોઈએ. ઈ-શ્રમ, ઈ.એસ.આઈ. છે તેનો લાભ મળતો નથી તો આગળ શું કરવુ જોઈએ. આ નવા જમાનાનો નવો મુદ્દો છે. ચળવળ માંગે છે.

આઇ.ટી.યુ.સી.- એપીના ફહિમભાઇએ જણાવ્યું કે, મેરી બહેનો નમસ્કાર, બહુ જ ખુશીની વાત છે કે – ત્રણ પેઢીથી કામ કરે છે તે સેવાની ચોથી પેઢી ગોદમાં બેસેલી છે. દુનિયાની સૌથી મોટી ટ્રેડ યુનિયનની તાકાત ‘સેવા’ના સભ્ય છે. હું અમારા પરિવાર વચ્ચે આવ્યો છું. હું માસ્ટરનો અભ્યાસ કરતો હતો ત્યારે પણ ‘સેવા’ને ઓળખતો હતો. ‘સેવા’ મહિલાઓનું આંદોલન છે જયારે આપણે ભેગા થયા છીએ ત્યારે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય શું કામ કરીએ છીએ ? કુલ ૧૭૭ કન્વેન્શન ૧૯૯૬માં બનાવ્યું છે. ૨૬ વર્ષથી વધારે સમય થઈ ગયો છે. ૨૩ દેશોમાં લાગુ પડ્યો છે અને ૩૮ દેશોમા લાગુ પડ્યો નથી. કેમ ? કરીશું શું ?

રાષ્ટ્રીયનીતિ નથી બની તેના કારણો – મુખ્ય ૬ માંગો છે. (૧) પર્યાવરણને અનુકૂળ કાર્યનું નિર્માણ. (૨) વેસ્ટ રિસાઈકલર્સનું કામ જોયું. સેફ્ટીના સાધનો આપ્યા હતા. અમદાવાદમાં કચરાનો સાફ કરવાની જવાબદારી સેવાએ ઉપાડી છે તે માટે ધન્યવાદ કરું છું. અનન્ય કામ છે. (૩) શ્રમિકોના અધિકારો – ઓક્યુપેશનલ એન્ડ હેલ્થ - પંજાબથી બહેન આવ્યા હતા, તેમણે બતાવ્યું અને બીજી બહેનોએ પણ બતાવ્યું કે ક્યાં હાલતમાં કામ કરે છે બાળકોને સારી રીતે રાખી શકતા નથી. (૪) બાળકોને કામમાં લગાવે છે પુરુ વેતન મળે તો બાળકોને ભણાવી શકે. બાળાભ્યાસનું શું ? શું મજૂરના બાળકોને ગરીબ રાખવા છે ? (૫) સામાજિક સુરક્ષા – સમાજ/ રાષ્ટ્રનું દાયિત્વ હોય તો આગળ પગ ભરવા જગ્યા મળે છે. (૬) સમાનતા, સમાનતા, સમાનતા. દરેક કાર્ય, કામદાર, અને ઉત્પાદનને સમાન ગણવું જોઈએ.

હોમનેટ–ઇન્ટરનેશનલના જહાનવી દવે કહે, ઘરખાતા કામદારોની સંખ્યા અને સમાજમાં તેમનું યોગદાન ઘણું છે, પણ તેમની ઓળખ નથી થતી. તેના માટે નીચેની પાંચ બાબતો અગત્યની છે તે સૌ સમજે છે. અને અમલમાં મુકવા સેવા રસ્તો બતાવે છે.

(૧) ઓળખ, (૨) મજબૂત સંગઠન, (૩) પૂર્ણ રોજગાર, (૪) નીતિ – કન્વેન્શન ૧૭૭ અને (૫) સામાજિક સુરક્ષા.

ઈલાબેનનું સ્વપ્ન હતું કે, હોમનેટ આંતરરાષ્ટ્રીય બને અને તેમની મહેનતથી બન્યું. ILOના સપોર્ટથી બન્યું છે અને હજુ બધાએ સાથે મળીને આગળ વધવાનું છે. કેમ વધશું ? સેવા પાસેથી શીખવાનું છે.

અધિવેશનનું મેમોરેન્ડમ કવિતાબેને વાંચી સંભળાવ્યું.

## મેમોરેન્ડમ

પ્રસ્તુતકર્તા : સિસ્ટર મિચિકો મિયામોટો, ડિરેક્ટર, ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (ILO)

સ્થાન : ટાગોર હોલ, અમદાવાદ, ભારત

પ્રસ્તુતકર્તા : ‘સ્વાશ્રયી મહિલા સેવા સંઘ’ (સેવા)

તારીખ : ૨૩ એપ્રિલ, ૨૦૨૪

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન આઇ.એલ.ઓ. મુજબ વિશ્વભરમાં ૨૬ કરોડ (૨૬૦ મિલિયન) પુરૂષ અને સ્ત્રી ઘરખાતા કામદારો છે, ભારતમાં લગભગ ૩ કરોડ (૩૦ મિલિયન) ઘરખાતા કામદારો છે. આ કામદારો વિખરાયેલા અને અદ્રશ્ય છે, તેમનું ઘર તેમનું કાર્યસ્થળ છે. તેઓ બંને સ્વ-રોજગાર અને પીસરેટ વર્કર્સ છે. વૈશ્વિક અને સ્થાનિક બંને સપ્લાય ચેઈનનો ભાગ છે. તેઓનું કામ મિનિટનું છે જેમ કે કપડાં અને ઝવેરાતને સુશોભિત કરવા માટે કપાસની ગડી તૈયાર કરવી, તૈયાર ઉત્પાદનોમાં વધારાનો દોરો કાપવો, બીડી બનાવવી, પતંગ બનાવવી વગેરે. પરંતુ, કામ જીવનભર ચાલે છે.


ઘરનું ઘર ખરીદવા
હોમ લોન
વ્યાજદર માત્ર ૯.૫%
• લોનની રકમ – ૧ લાખ થી ૪૦ લાખ સુધી
• હપ્તા ની રકમ ઉંમરના આધારે નક્કી કરવામાં આવશે.
• શરતો ને આધિન
• વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન
'0' પ્રિ-પેમેન્ટ પેનલ્ટી
શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.
વધુ માહિતી માટે નજીક ની શાખાનો સંપર્ક કરો અથવા કોલ કરો.
ફોન નંબર-૦૭૯-૨૬૫૮૧૬૫૨ / ૦૭૯-૨૬૫૮૧૫૯૭ / ૭૮૬૩૮૨૫૯૫૩
ઈ-મેલ : mail@sewabank.com વેબસાઈટ : www.sewabank.com

તેઓ એક લાંબી સપ્લાય ચેઈનનો ભાગ છે જેમાં, કોન્ટ્રાક્ટર અને પેટા કોન્ટ્રાક્ટરનો સમાવેશ થાય છે, જેના કારણે ઘરેલું કામદારો તેમના મુખ્ય માલિક વિશે પણ જાણતા નથી. એવું પણ જોવામાં આવ્યું છે કે તેમની પાસે કોઈ ઔપચારિક કરાર, નિયમિત કામ, સામાજિક સુરક્ષા વગેરે નથી અને તેમની આવક પણ ઘણી ઓછી છે. તેમ છતાં તેઓ તેમની કૌટુંબિક આવક અને દેશની જીડીપીમાં નોંધપાત્ર યોગદાન આપે છે, તેમ છતાં તેમની કોઈ ઓળખ નથી અને તેઓ અદ્રશ્ય રહે છે. આ હોવા છતાં, તેઓ ભારતમાં કોઈપણ નીતિ અથવા કાયદા હેઠળ આવરી લેવામાં આવતા નથી. આ કામદારો માટે ભાગ્યે જ કોઈ લઘુત્તમ વેતન હોય છે અને લઘુત્તમ વેતન હોય તો પણ તેના હેઠળ આવતા લોકોને તે મળતું નથી.

લાંબા સંઘર્ષ પછી, જેમાં 'સેવા'એ અસરકારક રીતે પ્રથમ અને કાયમી યોગદાન આપ્યું. ઘરેલું કામદારો માટે આઈ.એલ.ઓ.એ કન્વેન્શન ૧૭૭ની રચના ૧૯૯૬માં કરવામાં આવી હતી પરંતુ, ત્યારથી આપણા દેશમાં તેને બહાલી આપવામાં આવી નથી. સંમેલનની રચનાના ૨૮ વર્ષ પછી પણ, 'સેવા'એ આ કામદારોનો અવાજ, દૃશ્યતા અને ઓળખ આપવા માટે સખત લડત ચાલુ રાખી છે, પરિણામો લાવી છે અને રચનાત્મક રહી આગળ વધે છે.

રોગચાળાને પગલે આ કામદારોની સ્થિતિ વધુ જોખમી બની છે અને નાના કારખાનાઓ અનેક એકમો બંધ થયા છે અને તેના કારણે તેમના કામની અને આવકની અચોક્કસતા વધી છે અને કામદારોની સામૂહિક સોદાબાજીમાં ઘટાડો થયો છે.

હાલમાં આબોહવા પરિવર્તન અને તેના પરિણામો એ બીજી ચિંતાનો વિષય છે અને અસંગઠિત ક્ષેત્રના કામદારો પર તેની અસરનો યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આવ્યો નથી. સેવાનું 'સ્વચ્છ આકાશ'નું કામ દિશા બતાવે છે. આ કામદારો ન્યૂનતમ જ્ઞાન અથવા સુગમતા ક્ષમતાઓ સાથે પરિસ્થિતિનો સામનો કરવા માટે ઘણા પડકારોનો સામનો કરે છે. તે અમદાવાદની બહેનોએ કરી બતાવ્યું છે.

આજે, અમદાવાદમાં સ્વાશ્રયી મહિલા સેવા સંઘ, 'સેવા' દ્વારા આયોજિત ઘરઘાતા કામદારોના આ સંમેલન નિમિત્તે, ભારતના અમારા ૨૯ લાખ (૨.૯ મિલિયન) સભ્યો વતી, અમે ૧૮ રાજ્યોના ઘરઘાતા કામદારો માટે આ મહત્વપૂર્ણ મુદ્દાઓની માંગણી કરીએ છીએ.

(૧) આઈ.એલ.ઓ.એ ઓછામાં ઓછા ૩ દક્ષિણ એશિયાઈ દેશો - ભારત, નેપાળ, પાકિસ્તાનમાં કન્વેન્શન ૧૭૭ને બહાલી આપવાનું અભિયાન તાત્કાલિક આગળ વધારવું જોઈએ.

(૨) ત્રિપક્ષીય બેઠકો દ્વારા, આઈ.એલ.ઓ.એ કન્વેન્શન ૧૭૭ મંજૂર કર્યું છે ત્યારે, તેના પ્રથમ પગલાં તરીકે આપણા દેશમાં ઘરખાતા કામદારો માટે એક વ્યાપક રાષ્ટ્રીય સર્વગ્રાહી લાંબાગાળાની નીતિ વિકસાવવી જોઈએ.

(૩) આઈ.એલ.ઓ.એ પાંચ રાજ્યોમાં ઘરખાતા કામદારોના વ્યવસાય પર આબોહવા પરિવર્તનની અસર જાણવા માટે એક સંશોધન અભ્યાસ હાથ ધરવો જોઈએ જેનો, 'સ્વચ્છ આકાશ' ઝુંબેશ અગત્યનો ભાગ છે.

(૪) કાર્યસ્થળની ડિઝાઇન, વ્યવસાયિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, કૌશલ્ય વિકાસની અછત અને ઘરખાતા કામદારો માટે નવા બજાર વલણો પર મર્યાદિત જ્ઞાન જેવા મુદ્દાઓને ઉકેલવા માટે સ્થાનિક સંશોધન અને વિકાસ (R&D) કેન્દ્રની સ્થાપના કરવા માટે આઈ.એલ.ઓ. સાથે ભાગીદારી કરવી જરૂરી છે. રાજ્ય સરકારોને ઘરખાતા કામદારો માટે નીતિઓ બનાવવા વિનંતી કરીએ છીએ.

(૫) સરકારે ઘરખાતા કામદારોના વ્યવસાયોને ઓળખવા જોઈએ અને પીસરેટ પર લઘુત્તમ વેતન જાહેર કરવું જોઈએ કારણ કે, તેઓ માત્ર પીસરેટ પર વેતન મેળવે છે.

(૬) ઈ-શ્રમ હેઠળ ઘરખાતા કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે સરકારે પહેલ કરવી જોઈએ, આમાં મૂળભૂત સામાજિક સુરક્ષા યોજનાઓનો સમાવેશ થવો જોઈએ - વૃદ્ધાવસ્થા પેન્શન; જીવન અને અપંગતા વીમો; બાળ સેવાઓ; પ્રસૂતિ લાભો; આરોગ્યસંભાળ લાભો; સરળ અને સુવિધાવાળું ટ્રાન્સપોર્ટ, બાળકો માટે શિક્ષણ અને હાઉસિંગ સબસિડી પણ, કારણ કે ઘર તેમનું કાર્યસ્થળ છે. આઈ.એલ.ઓ.એ સરકાર સાથેના આ હસ્તક્ષેપને સમર્થન આપવું જોઈએ. બાદમાં, સરકાર દ્વારા ઘરખાતા કામદારોના ધંધાઓને ધ્યામાં રાખીને તે મુજબ સામાજિક સુરક્ષા યોજનાઓ પણ વિકસાવવી જોઈએ.

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
22-6, 6-7-24

(૭) ઘરખાતા કામદારો પર આબોહવા પરિવર્તનની નોંધપાત્ર અસરોને ઓળખતી વખતે, આ કામદારો પર તેની પ્રતિકૂળ અસરોને ઘટાડવા તેમજ તેમની સ્થિતિસ્થાપકતા વધારવા માટે લોકશાહીની ચાલે મિકેનિઝમ્સ ડિઝાઇન કરવી મહત્વપૂર્ણ છે.

(૮) સરકારે તમામ ઘરખાતા કામદારોને કામદાર રાજ્ય વીમા નિગમ (ESI)સાથે જોડવા જોઈએ અને ૭૫ લાખ બીડી કામદારોથી શરૂઆત કરવી જોઈએ કારણ કે, બીડી અને સિગાર વર્કર્સ વેલ્ફેર સેસ એક્ટ, ૧૯૭૬ નાબૂદ થયા પછી, બીડી કામદારો કોઈપણ સામાજિક સુરક્ષા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં નથી. આ ગંભીર બાબત છે.

(૯) સરકારે તમામ શ્રમ સંહિતા અને નિયમોમાં સંબંધિત નીતિઓ અને માર્ગદર્શિકામાં તમામ ઘરખાતા કામદારોનો સમાવેશ કરવો જોઈએ અને આ હાંસલ કરવા માટે આઇ.એલ.ઓ.એ તમામ સ્તરે રચનાત્મક દરમિયાનગીરી કરવી જોઈએ.

(૧૦) ભારત સરકારે ૯ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ કાર્યસ્થળ પર વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને પર્યાવરણ અંગેની રાષ્ટ્રીય નીતિની જાહેરાત કરી. નીતિનો હેતુ તમામ ક્ષેત્રોના સંબંધમાં વ્યવસાયિક સલામતી અને આરોગ્ય પર એક વૈધાનિક માળખું પ્રદાન કરવાનો છે. આ પોલિસીમાં ઘરખાતા કામદારોને પણ સામેલ કરવામાં આવે તે જરૂરી છે. તેમના સ્વાસ્થ્ય પર તેમના કાર્યની અસરોને સમજવા માટે એક અભ્યાસ હાથ ધરવો જોઈએ અને અભ્યાસના અહેવાલના આધારે, વધુ નિવારક અને ઉપચારાત્મક પગલાં લેવા જોઈએ. આ સિવાય, સરકારે ઘરખાતા કામદારોના પાંચ વ્યવસાયોમાં વ્યવસાયિક સ્વાસ્થ્ય પર અભ્યાસ કરવો જોઈએ.

(૧૧) સરકારની તમામ વર્તમાન સંબંધિત યોજનાઓમાં ઘરના કામદારોનો સમાવેશ સુનિશ્ચિત કરવો જોઈએ.

(૧૨) રાષ્ટ્રીય લઘુત્તમ વેતન હોવું જોઈએ જેમાં ઘરખાતા કામ અને પીસરેટ કામ આવરેલા હોય કારણ કે, કામ આંતરરાજ્ય અથવા રાજ્યની અંદર બદલાય છે જે શહેર અથવા રાજ્યના લઘુત્તમ વેતન પર આધારિત હોવું જોઈએ.

(૧૩) અમે આઇ.ટી.યુ.સી.-એપીને નવેમ્બર ૨૦-૨૨, ૨૦૨૩ના રોજ થાઈલેન્ડના બેંગકોકમાં ૫મી આઇ.એલ.ઓ. એશિયા પેસિફિક પ્રાદેશિક પરિષદમાં અપનાવવામાં આવેલા ઠરાવ નંબર ૨ને આગળ વધારવા વિનંતી કરીએ છીએ.

**- મનાલી**

❑

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા**

22-6, 6-7-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]